
ENLIGHTEN THROUGH EDUCATION

**SHREE NARAYANA GURU VIDYALAYA**

GUJARATI MEDIUM

Primary Section

**REPORT FOR SESSION – 2023-24**



# શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય
# પ્રાયમરી વિભાગ – ગુજરાતી માધ્યમ
# ઈતર પ્રવૃત્તિ – ૨૦૨૩-૨૪



01) "શાળા પ્રવેશોત્સવ"
શિક્ષણની કેડી પર ડગુમગુ પગ માંડયા ધોરણ 1ના બાળકોએ. શિક્ષકોએ બાળકોના કપાળે કુમકુમ તિલક કરી સ્વાગત કર્યું. શાળાના પ્રિન્સીપાલ તેમજ વાઈસ પ્રિન્સીપાલ મેડમે બાળકોને જુદાજુદા આકારોવાળી પેન્સિલ આપી આકારોની ઓળખ કરાવી. જુદીજુદી રમતો રમાડી. ત્યારબાદ બાળકોએ સમુહ ભોજનનો આનંદ માણ્યો.



02) "તારીખ 21 જૂન એટલે વિશ્વ યોગ દિવસ. આ દિવસના અનુસંધાનમાં શાળાના વ્યાયામ શિક્ષકશ્રી બીપીનભાઈએ યોગના સૂત્ર વિશે તેમજ જીવનમાં વ્યાયામથી થતા લાભ વિશે વિદ્યાર્થીઓને સુંદર માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ ધોરણ 7 અને 8 ના વિદ્યાર્થીઓએ જુદાજુદા આસનો કર્યા તેમજ યોગના નમૂનાઓ રજૂ કર્યા વિદ્યાર્થીઓએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો



03) "શિક્ષણની સાથે સાથે જીવનમાં કસરતને પણ પ્રાધાન્ય આપવું જોઈએ" બાપુના આ વિધાનને સાર્થક કરી રહ્યા છે ગુજરાતી માધ્યમના બાળકો.સવારના તાજગીભર્યા પ્રાકૃતિક સૌંદર્યને પોતાના શ્વાસમાં ભરી ગજબની સ્ફૂર્તિ સાથે કસરત કરતા જણાઈ રહયા છે.

04) શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય દ્વારા ધોરણ -8 વિદ્યાર્થીઓ માટે વિક્રમ સારાભાઈ અંતરીક્ષ પ્રદર્શનની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ ISRO દ્વારા કરવામાં આવેલી પ્રગતિ અને સિદ્ધિઓ વિશે જાણીને ઉત્સાહિત હતા. તેઓને ઉપગ્રહોમાં વપરાતા ઉપગ્રહો, રોકેટ અને અન્ય વિદ્યુત ઘટકોના વિવિધ પ્રકારના વર્કિંગ મોડલ બતાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને ભારતના અવકાશ સંશોધન, મિશન, યોગદાન અને આગામી મિશન વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ ઓડિયો-વિઝયુઅલ રૂમમા ઈસરોની વિવિધ કાર્ય પ્રણાલી જોઈ. વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો આ જોઈ ખુબજ અભિભુત થયા. ઈસરો ની મુલાકાત વિદ્યાર્થી ઓ માટે ખુબજ રસપ્રદ બની.



05) સફળતાના તેજોમય શિખર ઉપર બિરાજમાન બુદ્ધિશક્તિની હાજરી એના બનેલા સૌ સાક્ષી. શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયના અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના આશરે 3500 વિદ્યાર્થીઓ ધોરણ 5 થી 12 ના શ્રી નારાયના સેન્ટ્રલ સ્કૂલ નાં અદ્યતન કેમ્પસમાં 'યાનમ 'નામની ડોક્યુમેન્ટરી ફિલ્મ,જે તેની આકર્ષક, જ્ઞાન સભર રજૂઆત,અને સુંદર ફોટોગ્રાફી માટે વિખ્યાત છે,તે નિહાળવા ઉપસ્થિત થયા હતા. ઈસરોના મહત્વકાંક્ષી વૈજ્ઞાનિકો દ્વારા મિશન મંગળ ની વિસ્મય જનક દુનિયાનો પરિચય મળ્યો હતો.અમારા વિદ્યાર્થીઓને આવી સુંદર તક આપવા બદલ, શ્રી નારાયણ કલ્ચરલ મિશન નો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. સૌ સાથે મળી ચાલો જ્ઞાનના સંશોધનને પ્રોત્સાહિત કરીએ, જિજ્ઞાસાની જ્યોતને પ્રજ્વલિત કરીએ.







06) બાળકને જો પાયાનું શિક્ષણ સારુ મળશે તો એ આગળની અભ્યાસ ખૂબ સારી રીતે ગ્રહણ કરી શકશે. આ બાબતને કેન્દ્રમાં રાખી ધોરણ 1ના શિક્ષકોએ જુદાજુદા મૂળાક્ષરોના કાર્ડ બનાવી બાળકોને તે મૂળાક્ષરોના સ્પષ્ટ ઉચ્ચાર કરાવી મૂળાક્ષરોની ઓળખ કરાવી.




07) બાળકોમાં નેતૃત્વના ગુણોનો વિકાસ થાય એ માટે તારીખ 27/6/23 ના રોજ વર્ગ મોનીટરની ચૂંટણી કરવામાં આવી. બાળકોએ ખૂબજ વિચારપૂર્વક મત આપી યોગ્ય મોનીટરને ચૂંટયા.

08) તારીખ 3/7/2023 ના રોજ ગુરુપૂર્ણિમા પર્વના અનુસંધાનમાં શાળાના સંગીત શિક્ષકે ગુરુ શબ્દના અર્થ વિશે વિદ્યાર્થીઓને સુંદર માહિતી આપી. ત્યારબાદ ગુરુ પૂર્ણિમા દિવસના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું. ગુરુમંત્રના ઉચ્ચારણ કરતા કરતા તમામ શિક્ષકોને પોતાના સ્થાન પર બેઠાબેઠા જ મનોમન વંદન કર્યા. અમુક વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા.





09) તારીખ 6/7/2023 ના રોજ શાળાના ગુજરાતી માધ્યમમાં લોકશાહી ઢબે ચૂંટણી યોજવામાં આવી. જેમાં ધોરણ 4 થી 8 માં મોનીટર તરીકે ચૂંટાયેલા પ્રતિનિધિઓએ તેમજ ધોરણ 8અ અને 8b ના વર્ગના વિદ્યાર્થીઓએ મતદાન કર્યું. શાળાના પ્રિન્સિપાલ તેમજ વાઈસ પ્રિન્સીપાલ મેડમની ઉપસ્થિતિમાં મત ગણતરી કરવામાં આવી.ખૂબજ શાંતિપૂર્ણ માહોલમાં મત ગણતરી સંપન્ન થઈ.

જી.એસ તરીકે પટેલ કેવલ દિપકભાઈ તેમજ એલ.આર તરીકે શાહ રીયા તરુણભાઈ ચૂંટાયા.




10) ધોરણ 2 માં તારીખ 19/6/23 ના રોજ ફેમીલી ટ્રી બનાવવાની, તારીખ 26/6/23 ના રોજ લાંબી તેમજ ગોળ વસ્તુના ચાર્ટ બનાવવાની તેમજ તારીખ 3/7/23 ના રોજ ગુરુપૂર્ણિમા પર્વના અનુસંધાનમાં જ્ઞાનવર્ધક માહિતી આપવા જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી.



11) બાળકોમાં જુદાજુદા કૌશલ્યોનો વિકાસ થાય એ હેતુથી શાળા કક્ષાએ અનેક સ્પર્ધાઓનુ આયોજન કરવામાં આવેછે. તા- 12-7-2023ના રોજ શાળાના ગુજરાતી માધ્યમમાં ધોરણ 1થી 4 માં રંગપૂરણી હરિફાઇ યોજવામાં આવી. નાના બાળકોએ હોંશે હોંશે ચિત્રોમાં રંગ પૂર્યા.

12) "સખત પરિશ્રમનો બીજો કોઈ વિકલ્પ જ નથી" - ગુજરાતી ભાષાની આ પંક્તિને સાર્થક કરી છે ભારતીય વૈજ્ઞાનિકોએ. તારીખ 14/7/23 ના રોજ આન્ધ્ર પ્રદેશના શ્રી હરિકોટા સતીષ ધવન સ્પેસ સેન્ટર દ્વારા 2.30 કલાકે ચન્દ્રયાન-3 મિશન લોન્ચ કરવામાં આવ્યું. જેનું પ્રસારણ શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયમાં ધોરણ 8 ના ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને બતાવવામાં આવ્યુ. વિદ્યાર્થીઓ માટે આ ક્ષણો ખૂબજ રોમાંચક રહી

13) તારીખ 14/7/23 ના રોજ પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા G -20 કલા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું. "વસુધૈવ કુટુંબકમ" વિષય અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શાળાના ગુજરાતી માધ્યમના ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો.




14) ધોરણ 3: અંગ્રેજી શબ્દ રમત

નાનપણથી જ બાળકોમાં અંગ્રેજીનો અભાવ ન રહે અને અંગ્રેજી ભાષા પ્રત્યે પ્રેરિત થાય અને રસ-રુચિ કેળવી સરળતાથી શીખે તેમજ ગમ્મત સાથે જ્ઞાન મેળવે તે હેતુ સિદ્ધ કરવાનો પ્રયાસ આ પ્રવૃત્તિ દ્વારા કરવામાં આવ્યો છે




15) બાળકની સર્જનાત્મક શક્તિ ખીલે એ માટે એને વિવિધ પ્રવૃત્તિઓમાં સામેલ કરવુ જોઈએ. આ જ હેતુસર ધોરણ 2 ના બાળકોને માટીમાંથી રમકડાં બનાવવાની પ્રવૃતિ કરાવવામાં આવી. બાળકોએ ખૂબજ ઉત્સાહપૂર્વક આ કાર્યમાં ભાગ લીધો.




16) ચિત્રકલા, નૃત્યકલા, નાટયકલા આ બધી કલાઓની જેમ અભિનય પણ એક કલા છે. જેની પ્રસ્તુતિ ધોરણ-1અને 2 ના બાળકો દ્વારા કરવામાં આવી.




17) ધોરણ 3 અને 4 વન મિનિટ ગેમ

આ રમતની શરૂઆત વિદ્યાર્થીઓ ને ઓમકાર દ્વારા શરૂ કરાવવામાં આવી આ રમત દ્વારા વિદ્યાર્થીઓમાં એકાગ્રતા વધે અને ઝડપી નિર્ણય લેવાની ક્ષમતામાં વધારો થાય છે વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહભેર આ રમતને માણી અને આનંદની અનુભૂતિ કરી.



18) અપૂર્ણાંક અને સમ અપૂર્ણાંકનો ખ્યાલ સ્પષ્ટ થાય એ હેતુથી ગુજરાતી માધ્યમના ધોરણ 5 ના વિદ્યાર્થીઓને કાગળ કટીંગ દ્વારા આકારો બનાવી સમજ આપવામાં આવી. બાળકોએ આ કાર્યમાં ખૂબજ ઉત્સાહ દાખવ્યો.

19) Rakhi preparation ગુજરાતી મીડીયમ પ્રાયમરી વિભાગ તા - 25-8-2023.






20) તારીખ 28/8/2023 ના રોજ ગુજરાતી માધ્યમ ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ માટે ઓણમના તહેવારના અનુસંધાનમાં ફૂલોની રંગોળી હરિફાઇ યોજાઈ. જેમાં દરેક હાઉસની બે-બે રંગોળી હતી.આ હરિફાઈમાં પ્રથમ નંબરે પેરોટ અને બીજા નંબર પર પેંગ્વિન વિજેતા જાહેર થયુ. વિદ્યાર્થીઓએ ખૂબજ ઉત્સાહપૂર્વક હરિફાઇમાં ભાગ લીધો પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવનાર હાઉસને શાળાના પ્રિન્સિપાલ તેમજ વાઈસ પ્રિન્સીપાલના હસ્તે ઈનામ તેમજ સર્ટિફીકેટ આપવામા આવ્યા.




21) રક્ષાબંધન ઉજવણી કરતા ધોરણ- 3 અને 4 ના વિદ્યાર્થીઓ




22) ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસના ઉપલક્ષમા દર વર્ષે સમગ્ર દેશમાં શિક્ષક દિનનુ આયોજન કરવામાં આવે છે.આ બાબતને કેન્દ્રમાં રાખી શાળામાં ગુજરાતી માધ્યમમાં શિક્ષક દિન ઉજવવામાં આવ્યો. ધોરણ 8 ના વિદ્યાર્થીઓ શિક્ષકો બન્યા. પ્રિ-પ્રાયમરી થી ધોરણ-8 સુધી સુન્દર વર્ગ વ્યવસ્થા જોવા મળી. વિદ્યાર્થીઓએ અધ્યાપન કાર્યનો અનુભવ મેળવ્યો.

24) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન આયોજિત, બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન -2023-24 સમાજ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષય માટે શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયના ગુજરાતી મીડીયમ ના વિદ્યાર્થીઓએ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ભાગ લીધો.

વિદ્યાર્થીઓની યાદી નીચે પ્રમાણે છે.




Meglev:
પારેખ ધર્મીન નરેન્દ્રભાઈ, વ્યાસ ઓમ પિનાકભાઈ

3D Hologram
ઝાલા માધવસિંહ પ્રદીપસિંહ

Health and Cleanness
પ્રજાપતિ નીવ સૌરભભાઈ, પ્રજાપતિ પવિત્ર દિનેશભાઈ

Satellite Communication working model
ડોબરીયા શેલ્વી જનેશભાઈ, હિરપરા વૃત્તિ પ્રિજેશભાઈ

Electricity from Speed break
પ્રજાપતિ ઝીયા કલ્પેશભાઈ, પટેલ દ્રમી અનિલ કુમાર

Sollution for Pollution
પટેલ રુદ્ર હરેશભાઈ, ધાનાણી ચિંતન જીતેન્દ્રભાઈ

બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ઉપરોક્ત વિદ્યાર્થીઓ માંથી ઝાલા માધવસિંહ પ્રદીપસિંહ તથા પ્રજાપતિ નીવ સૌરભભાઈ અને પ્રજાપતિ પવિત્ર દિનેશભાઈ દ્વિતીય નંબર મેળવેલ છે.

25) ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ એટલે ગરબા. જેનો પરિચય થયો ગુજરાતી માધ્યમના તારીખ 17/10/ 23 ના ગરબા દ્વારા. પારંપારિક ગરબા, સનેડો, ડાકલા અને ભાંગડાની સુંદર પ્રસ્તુતિ બાળકોએ રજૂ કરી.




ગ્રામ્ય સંસ્કૃતિ અને શહેરી સંસ્કૃતિનો સુંદર સમન્વય બાળકોની વેશભૂષામાં જોવા મળ્યો.

26) "શ્રેષ્ઠ સ્મરણશક્તિ, ઉત્તમ અભિવ્યક્તિ "

ઉપરોક્ત શિર્ષકને સાર્થક કર્યું ગુજરાતી માધ્યમના ધોરણ 3 અને 4 ના બાળકોએ. બાળકોએ પ્રત્યક્ષ વસ્તુઓનું નિરીક્ષણ કરી સ્મરણ શકિત દ્વારા ગણતરીની સેકંડોમાં તેને લખી બતાવી.




27) "બાળકોની પિકનીક"

ધોરણ 1 અને ધોરણ 2 ના બાળકો માટે તારીખ 31/10 /23 ના રોજ પિકનીક યોજવામાં આવી. પ્લેઝર કલબમાં ભૂલકાઓએ જુદીજુદી રાઈડ્સમા બેસી મનગમતા ભોજન સાથે પિકનીકનો આનંદ માણ્યો.

28) શૈક્ષણિક પ્રવાસ-ફોસિલ પાર્ક




ધોરણ 6થી 8ના વિદ્યાર્થીઓએ મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના રૈયોલી ગામમાં આવેલ ફોસિલ પાર્કની મુલાકાત લીધી. 1980 ના દાયકામા મળી આવેલ ડાયનોસોરના અવશેષો જોયા, બાલાસિનોરના સ્ટેટ નવાબ સાહેબનો પેલેસ ગાર્ડન નિહાળ્યો. પ્રાચીન કલા વારસો જાણી અભિભૂત થયા. ખરા અર્થમાં શૈક્ષણિક પ્રવાસ સાર્થક થયો.




29) ધોરણ 2 ના બાળકોએ વૃક્ષોના પાનનો ચાર્ટ તેમજ કાગળમાંથી તોરણ બનાવવાની પ્રવૃત્તિ કરી.(2/11/23)




30) પૂજય બાપુના સ્મરણોને પોતાની સ્મૃતિમાં સંઘરવાનો સુઅવસર પ્રાપ્ત થયો ધોરણ 3 થી 5ના બાળકોને. દાંડી કુટીરની મુલાકાત તેમના માટે યાદગાર સંભારણું બની રહ્યું. એમાંય બળદગાડામા બેસીને મહાલવાનો આનંદજ કંઈક અનેરો હતો.

31) "દિવાળીની ઉજવણી" (તારીખ 7/11/23)

દિવાળીના તહેવારનું સૌથી મોટુ આકર્ષણ જો કોઈ હોય તો તે છે રંગોની કલરફૂલ રંગોળી. વિદ્યાર્થીઓએ દિવડાના ચિત્રમાં પોતાના મનગમતા રંગો પૂરી રંગોની સૂઝનો પરિચય આપ્યો. વિદ્યાર્થીઓએ માટીના કોડીયામાં સુન્દર ડેકોરેશન કરી પોતાની સર્જનાત્મકતા દર્શાવી. દિવાળીના તહેવારની ઉજવણીના ભાગરુપે તારીખ 8/11/23 ના રોજ વિદ્યાર્થીઓએ પોતાની સૂઝ મુજબ ગ્રુપમાં અલગ અલગ પ્રકારનો નાસ્તો બનાવી સમુહ ભોજનનો આનંદ માણ્યો. વિદ્યાર્થીઓએ દિવાળી ના પાંચ દિવસ ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી બેસતું વર્ષ અને ભાઈબીજ તહેવારની ઉજવણી પૂજન કરીને કરી.

32) 26 th જાન્યુઆરી ગણતંત્ર દિવસ ની ઉજવણી.




શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ની અંદર 26 જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસની ઉજવણી ઉત્સાહથી કરવામાં આવી હતી. શ્રી અચલ કુમાર જોતી (આઈ.એ.એસ. રિટાયર્ડ ઇલેક્શન કમિશનર ઓફ ઇન્ડિયા ) મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શાળાના બેન્ડ સાથે તેમનું સ્વાગત થયું. ધ્વજવંદન તેઓએ કર્યું. રાષ્ટ્રગીત,રાષ્ટ્રગાન, દેશપ્રેમ જગાવતા નારા,પરેડ અને હિન્દીમાં પ્રતિજ્ઞા વાંચન ની રજૂઆત થઈ. " ભારત લોકશાહીની જનની અને વિકસિત ભારત એ ઉજવણીનો મુખ્ય થીમ હતો. શ્રી નારાયના સેન્ટ્રલ સ્કૂલ ના પ્રિન્સિપાલ ડોક્ટર સુનીતા સિંઘ દ્વારા આવકાર પ્રવચન થયુ. મુખ્ય અતિથિ દ્વારા વર્તમાન સંદર્ભે ભારતની પરિસ્થિતિ અને વિકસિતતા તરફ પ્રયાણ,યુવાનોને પ્રેરિત વિકસિતતાના માર્ગો, ભારતના સાંસ્કૃતિક વારસાઓ, ભૂતકાળની અને વર્તમાન સમયની રાજકારણની નીતિ, ચૂંટણી પ્રક્રિયા જેવા વિષયો સાંકળી લઇ પોતાનું વક્તવ્ય રજૂ કર્યું. વિદ્યાર્થીઓએ યોગ પિરામિડ અને એક્સરસાઇઝથી શરૂ કરી દેશભક્તિ ગીત અને દેશભક્તિ નૃત્ય રજૂ કર્યા. વિવિધ ક્ષેત્રોમાં ભાગ લઈ જિલ્લા કક્ષાએ, રાજ્ય કક્ષાએ,અભ્યાસલક્ષી પ્રવૃત્તિઓ ઈતર પ્રવૃત્તિઓ અને રમતગમતની પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહી ટ્રોફી અને મેડલ્સ મેળવનાર વિદ્યાર્થીઓનું શાળાએ સન્માન કર્યું હતું. વાંચન પ્રત્યેનીઅભિરુચિ કેળવતી સ્પર્ધા 'વાંચે એસ એન જી વી' વર્ષ દરમિયાન યોજાઇ હતી.એમાં દરેક ધોરણ મુજબ શ્રેષ્ઠ વાચક તરીકે પસંદગી પામનાર વિદ્યાર્થીઓનું શાળાએ સર્ટીફીકેટ અને પ્રાઇઝ આપી સન્માન કર્યું હતું. આભાર વિધિ શ્રી નારાયના કોલેજ ઓફ કોમર્સના પ્રિન્સિપાલ ડોક્ટર જીગ્નેશ કૌંગલ દ્વારા થઈ હતી. દેશ પ્રેમ જગાવતુ કાવ્ય રજૂ કરી કાર્યક્રમને સંપન્ન ઘોષિત કરવામાં આવ્યો હતો .આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ,વાલીઓ અને ઉપસ્થિત સૌએ ખૂબ આનંદથી અને ઉત્સાહથી માણ્યો હતો.

33) ધોરણ 3 અને 4 સુલેખન સ્પર્ધા



વિદ્યાર્થીઓમાં અનુલેખન કૌશલ્ય કેળવાય તેમજ ભાષા ચિન્હો સાથે સુડોળ, વ્યવસ્થિત અને સ્વચ્છતા સાથે લેખન કાર્ય કરવા પ્રેરિત થાય તે હેતુસર ધોરણ 3 અને 4 ના વિદ્યાર્થીઓમાં સુલેખન સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું.

34) તારીખ 21 ફેબ્રુઆરીના રોજ વિશ્વ માતૃભાષા દિવસના અનુસંધાનમાં શાળાના ગુજરાતી માધ્યમમાં માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓએ ગુજરાતી ભાષાના મહત્વ પર પોતાના વિચારો રજૂ કર્યા. કાવ્યગાન કર્યુ તેમજ ધોરણ 7 ના વિદ્યાર્થીઓએ જીવરામ ભટ્ટ નાટક પ્રસ્તુત કર્યું






35) 27.02.2024 ના રોજ SNGV ખાતે યોજાયેલા મંત્રમુગ્ધ કલા અને હસ્તકલા પ્રદર્શનની રીકેપ!

શિક્ષકોના માર્ગદર્શન હેઠળ, અંગ્રેજી માધ્યમમાંથી શ્રી. દીપા અને શ્રી. ભાવિકા અને ગુજરાતી માધ્યમમાંથી શ્રી. પૂર્વી, અમારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ તેમની સર્જનાત્મકતાનું પ્રદર્શન કર્યું. કલાત્મક પ્રયાસોનું મૂલ્યાંકન કરવા અને પ્રશંસા કરવા બદલ ન્યાયાધીશ શ્રી સોનુનો વિશેષ આભાર.




36) તારીખ 27/2/2024 ના રોજ શાળાના ગુજરાતી માધ્યમમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી. જેના ભાગરુપે વિદ્યાર્થીઓએ જુદાજુદા પ્રોજેક્ટની પ્રેકટીકલ દ્વારા સવિસ્તૃત સમજૂતી આપી. ભવિષ્ય માટે ટકાઉ વિકાસ અને વિકસીત ભારત માટે સ્વદેશી તકનીકી થીમ પર વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાન, ગણિત અને સામાજિક વિજ્ઞાનના 200 વર્કિંગ મોડલનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને સર્જનાત્મક યુવાનો માટે આઈડિયા સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લગભગ 500 થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મેનેજમેન્ટ, વાલીઓ, શિક્ષકોએ વિદ્યાર્થીઓના અદભૂત પ્રતિભાવ અને ઉત્કૃષ્ટ પ્રદર્શનની પ્રશંસા કરી. ગેસ્ટ જજ શ્રી મુકેશ ઓતિયા, કેમેસ્ટ્રી ફેકલ્ટી હતા.




37) ધોરણ-1 થી 4 ક્વિઝ કોમ્પિટિશન:

આ હરીફાઈથી વિદ્યાર્થીઓમાં ઐતિહાસિક અને આધુનિક સામાન્ય જ્ઞાનમાં વધારો થાય અને નવું જાણવાની જિજ્ઞાસાવૃત્તિ વધે છે. આ હરીફાઈ દ્વારા વિદ્યાર્થીઓ એ રસપ્રદ રહી આંતરિક જ્ઞાનને બાહ્ય સ્વરૂપ આપ્યું.




38) તાજેતરમાં શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ દ્વારા યોજાયેલ વાર્ષિક રમતોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે સેક્રેટરી શ્રી મુરલીધરન સર તથા શાળાના આચાર્ય શ્રીમતી માધાબી મેમ ઉપસ્થિત રહ્યા હતા. આ ખેલકૂદ રમતોત્સવમાં દોડ અને મનોરંજનાત્મક રમતો લીંબુ ચમચી, કોથળા દોડ, ફુગ્ગા ફોડ, પોટેટો રેસ, બુક બેલેન્સ, ત્રિપગી દોડ તથા કબડ્ડી જેવી વિવિધ રમતોમાં વિદ્યાર્થીઓ દ્વારા મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો હતો. વ્યક્તિગત તથા ટીમ ઇવેન્ટ્સ માં વિજેતા ખેલાડીઓને પ્રમાણપત્ર તથા મેડલ એનાયત કર્યા હતા. શ્રીમતી નલીની મેડમ ના માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્ટાફના સહયોગથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.